Sarth E- Journal

Saarth E-Journal

Saarth E-Journal of Research

E-mail: sarthejournal@gmail.com
www.sarthejournal.com

ISSN NO: 2395-339X
Peer Reviewed
Vol.8, Issue.4 No.13

Impact Factor: 6.89
Quarterly
Oct. to Dec. - 2023

લોકકથા: સંજ્ઞા, સ્વરૂપ અને પ્રકાર

*ડૉ. રવિકુમાર આર. વસાવા

સારાંશ:

લોકસાહિત્યમાં મોટો ભાગ લોકકથા અને લોકગીતોનો હોય છે. જે કથા પરંપરાથી પ્રવાહમાં તરતી રહે અને જેનું કથાનક કોઈ એક નિશ્ચિત વ્યક્તિની કલ્પનામાંથી ન જન્મ્યું હોય તેને લોકકથા કહે છે. લોકકથાનું સર્જનાર-ઘડનાર, ચલાવનાર ને પ્રસારનાર પરિબળ લોકમાનસ-લોકપરંપરા હોય છે. લોકકથા એ ઘટના –પાત્રો પ્રસંગ વગેરે કલ્પિત હોય કે ઐતિહાસિક કે અર્ધ ઐતિહાસિક હોય, પરંતુ લોકકથા ત્યારે જ થાય જ્યારે એ પરંપરાગત હોય. પરંપરાગતતા એ એનું આગવું લક્ષણ છે. કંઠોપકંઠ અને પેઢી દર પેઢી એ વહેતી રહે છે. લોકકથા એ કહેવા-સાંભળવા માટેની જ કથા છે. એટલે કહેનારે-કહેનારે અને જમાને-જમાને કે જૂથે-જૂથે, સમાજે-સમાજે એ જુદા જુદા રૂપમાં જોવા મળે છે. મૂળભૂત રીતે એ મૌખિક કળા છે. કોઈ દેશ, કોઈ લોક, કોઈ સંસ્કૃતિ એવી નથી કે જેની પાસે પોતિકી લોકકથાઓ ન હોય. આપણી

બહુવિધ સંસ્કૃતિમાં તો આવી લોકકથાઓનો વિશાળ રાશિ છે. આ ક્થાઓ આપણો અદ્ભુત વારસો છે.

મુખ્ય શબ્દો: લોકકથા. સાહિત્ય, સંજ્ઞા, સ્વરૂપ, પ્રકાર, દ્રષ્ટાંત.

(***ડૉ. રવિકુમાર આર. વસાવા, આસિસ્ટન્ટ પ્રોફેસર, એમ. આર. આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, રાજપીપળા. મો. ૯૪૦૮૮૯૯૫૫૯, ઈમેઈલ: ravikumarvasava@gmail.com**)

પ્રસ્તાવના:

કોઈ પણ પ્રદેશ અને એની ભાષાબોલીમાંની કથાઓ અને ગીતો જેવી પરંપરાથી કહેવાતી-ગવાતી રચનાઓ જે લોકમાનસમાંથી ઉદ્ભવેલી, લોકમાનસ દ્વારા ઘડાયેલી અને લોકલક્ષી હોય તે લોકકથા. લોકકથાની રચનાઓ લોકપરંપરામાં જ જન્મતી, વિકસતી અને તરતી રહે છે. સમય, પ્રદેશ, જૂથ જેમ બદલાય તેમ આવી તરતી રચનાઓનું અંતરંગ-બહિરંગનું રૂપ પણ બદલાતું હોય છે. લોકસાહિત્યમાં મોટો ભાગ લોકકથા અને લોકગીતોનો હોય છે. જે કથા પરંપરાથી પ્રવાહમાં તરતી રહે અને જેનું કથાનક કોઈ એક નિશ્ચિત વ્યક્તિની કલ્પનામાંથી ન જન્મ્યું હોય તેને લોકકથા કહે છે. લોકકથાનું સર્જનાર-ઘડનાર, ચલાવનાર ને પ્રસારનાર પરિબળ લોકમાનસ-લોકપરંપરા હોય છે. વિવિધ ધોરણે અને દૃષ્ટિબિંદુએ લોકકથાના રસાશ્રયી, કદાશ્રયી, હેતુની દૃષ્ટિએ, વિષય-પ્રકારની દૃષ્ટિએ અનેક પ્રકારો છે. આમાં સ્ટિથ ટૉમ્સન દંતકથા (legend), પુરાણકથા (myth) અને કથા (tale) – એ ત્રણ પ્રકાર દર્શાવે છે. અભ્યાસની સરળતા માટે રસ-વિષયની દૃષ્ટિએ હાસ્યકથા, શૌર્યકથા, પ્રેમકથા, સાહસ-પ્રવાસકથા, જાદુઈતિલસ્માતી કથા, સંતજીવનચરિત્રજન્ય ચમત્કાર તેમજ પરચાઓની કથા, વ્યુત્પત્તિકથા, દૃષ્ટાંતકથા, પશુકથા, પ્રેતકથા, આવું કેમ – why it's so કે આવું કેમ બન્યું –

How it happened જેવી 'કેમ-કથા' કે કારણદર્શકકથા, વીરકથા, બહારવટિયાકથા, પરીકથા, બાલકથા, મૂર્ખકથા, ચાતુર્યકથા, કામકથા – એવા એવા અનેક પ્રકારો છે.

લોકકથા શબ્દપ્રયોગ આપણે ત્યાં પ્રથમવાર કરનાર પારસી સજ્જન રુસ્તમ ખુરશેદ ઈરાની છે. આપણે ત્યાં પારસીઓ દ્વારા શરૂઆતમાં થયેલા લોકકથાઓના સંપાદનો-સંકલનો જેવા કે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર એજ્યુકેશન એન્ટિક્વેરીના અંકોમાં પૂતળીબાઈએ કરેલી કથાના સંપાદન, ફરામજી બહમનજીનું સંપાદનકાર્ય, કવિ રુસ્તમ ઈરાનીનું સંપાદન કાર્ય વગેરે... તેમજ ગુજરાત અને કાઠિયાવાડ દેશની વાર્તા ભાગ ૧ થી ૩ તથા બિન પારસીઓમાં સૌ પ્રથમ મહિપતરામ નીલકંઠ, હરજીવન પુરુષોત્તમ શુક્લ, જીવરામ ગોર, આ બધા દ્વારા સંકલન થયેલી લોકકથાઓએ આપણો મેઘાણી પૂર્વેનો સારો એવો સંચિત વારસો છે. લોકકથાઓના વૈશ્વિક સ્તરના સામ્યમૂલક અભ્યાસમાં 1. કથાચક્ર story-cycle, 2. કથાબિંબ – story-type અને 3. કથાઘટક – story-motif – એ ત્રણ પદ્ધતિ મુખ્ય છે. કથાચક્રમાં કોઈ એક જ પાત્ર વિશેની જુદાં જુદાં સ્થળે પ્રચલિત લોકકથાઓને સાંકળીને અભ્યાસ થાય છે. વિશ્વના વિવિધ દેશોમાં મળતી અનેક કથાઓનાં કથાનકનું માળખું સમાન હોય તો તેને મુખ્ય કથાનું નામ દર્શાવીને, કથાનકના મુખ્ય તબક્કા અને વળાંક ક્રમશઃ દર્શાવીને તે કથાબિંબને નિશ્ચિત ક્રમાંક આપવામાં આવે છે. કથાબિંબની આવી નિશ્ચિત ક્રમાંકની વ્યવસ્થાને કારણે કઈ કઈ લોકકથાઓને કયા કથાબિંબ સાથે સામ્યસંબંધ છે તે દર્શાવી શકાય છે. એક જ મુખ્ય કથાના કથાનકમાં કેવાં કેટલાં રૂપાન્તર થયાં તેનો સ્પષ્ટ નિર્દેશ આ પદ્ધતિ આપે છે. બર્ન દ્વારા 70 જેટલાં કથાબિંબોની યાદી તૈયાર થઈ. ફિનિશ કુળના ક્રોહનના માર્ગદર્શનમાં ઍન્ટી આર્નેએ વર્ગીકૃત સ્ટોરી-ટાઇપ-ઇન્ડેક્સ 30 જેટલા ગ્રંથોમાં આપી છે.

લોકકથાની સંજ્ઞા:

લોકકથામાં આવતાં ‘કથા’ શબ્દ જ કથનનું સૂચન કરે છે. આ વાર્તાઓ કથન દ્વારા થતી હોય છે. આ કથન મોટે ભાગે ગદ્યમાં જ થતું હોય છે. સામાન્ય પ્રજાજનો ગદ્યમાં જ વાર્તા માંડે છે. પરંપરાગત રીતે વાર્તા કથનનો વ્યવસાય કરનારી જ્ઞાતિઓ કથનની સાથે સાથે પદ્યનો પણ પ્રયોગ કરે છે. કોઈ પણ લોકકથાનો સામ્યમૂલક શાસ્ત્રીય પદ્ધતિનો લોકકથાત્મક અભ્યાસ કરવો હોય તો તે કથાના કથાનકનું પૃથક્કરણ કરી, તેના ઘટકો તારવીને મોટિફ ઇન્ડેક્સને આધારે તે તે ઘટકો ક્યાં ક્યાં, કઈ કઈ કથાઓમાં વિશ્વક્ષેત્રે પ્રયોજાયા છે તે જાણી શકાય છે અને લોકકથાના કથાનકનું ઘડતર કેમ થાય છે. એનાં કયાં ને કેટલાં રૂપાન્તરો થયાં છે અને કથાનું કયા કયા દેશોમાં સંપ્રસારણ થયું છે તે જાણી શકાય છે. લોકકથાના ઐતિહાસિક-ભૌગોલિક તથા કથાબિંબ અને કથાચક્રની પદ્ધતિના અભ્યાસમાં કથાઘટકનો અભ્યાસ પાયાનો અને અનિવાર્ય છે.

સાહિત્યકલામાં જે સ્થાન કક્કાના બાવન અક્ષરનું કે સંગીતમાં જે સ્થાન મુખ્ય સાત સૂરનું છે, તે સ્થાન લોકકથામાં કથાઘટકોનું છે, જેમ કક્કાના સ્વર-વ્યંજનથી શબ્દ બને અને શબ્દોથી વાક્ય બને, અર્થવાહક કે ભાવવાહક વિધાન અસ્તિત્વમાં આવે કે સંગીતના સાત સૂરના વિવિધ ક્રમ અને પ્રકારનાં અસંખ્ય સંયોજનો – ‘પરમ્યુટેશન’ અને ‘કૉમ્બિનેશન’થી જેમ નિશ્ચિત ભાવવાચક સ્વર એકમ બને અને તેના ઉપયોગથી ઢાળ કે રાગ બને છે તેમ વિવિધ કથાઘટકોથી જ લોકકથાનું કથાનક ઘડાય છે. સ્ટિથ થૉમ્પ્સન આથી જ, ઘટકને કથારૂપી ઇમારતને બાંધતી ઈંટના દૃષ્ટાંતે સમજાવે છે અને તેના પાત્ર, પદાર્થ અને પ્રસંગ એટલે કે ઘટના – એવા ત્રણ પ્રકાર જણાવે છે. ઘટકની વ્યાખ્યા આપતાં સ્ટિથ થૉમ્પ્સન જણાવે છે કે તે કથામાં પ્રયોજાતો નાનામાં નાનો અને સ્વયંપર્યાપ્ત અંશ છે. એનામાં પાત્ર, પદાર્થ કે પ્રસંગ

તરીકે કશુંક અસાધારણ એવું તત્વ હોય છે અને તેની આ અસાધારણતા જ એને પરંપરામાં લાવે છે અને તેને ટકાવે છે. પાત્ર, પદાર્થ અને પ્રસંગમાં અસાધારણ તત્વ કેવું હોય છે જે એવાં પાત્ર, પદાર્થ કે પ્રસંગને ઘટકરૂપ બનાવે છે તેની સ્પષ્ટતા કરતાં સ્ટિથ થૉમ્પ્સન કહે છે કે માતા સાધારણ પાત્ર છે, પરંતુ અપરમાતા અસાધારણ ઘટકરૂપ છે; કેમ કે, એનાથી વાર્તાત્મક પરિસ્થિતિનું નિર્માણ થાય છે. આ રીતે અસામાન્ય, અસાધારણ શક્તિદૃષ્ટિ ધરાવતા માનવો માનવેતર એવાં દેવ, અપ્સરા, ભૂત-પ્રેત, રાક્ષસ, ડાકણ, ચૂડેલ, યક્ષ, સર્પ વગેરે; અસાધારણ કે માનવીય શક્તિ ધરાવતાં પશુપક્ષીનાં પાત્રો વગેરે ઘટકરૂપ છે. એમનાથી જ વાર્તા બંધાય છે.

લોકકથાનું સ્વરૂપ:

લોકકથામાં 'વાત' એ પ્રધાન પ્રકાર છે; 'વાત' શબ્દ અહીં જરાક, તાત્ત્વિક અર્થમાં પ્રયોજ્યો છે. 'વાત' એટલે 'ચર્ચા'. એમાં 'વાર્તા' અનિવાર્ય નથી. વાત તો નિકટતા અનુભવાય એ પ્રકારનો વાણી-વ્યવહાર. એકવાર નિકટતા સ્થપાય પછી જ કથક કે વાત ખીલે અને એ પછી એના આધારે જ તે આગળ ચાલે. પ્રાચીન-મધ્યકાલીન પરંપરાગત કથાકથાનકોમાં આવતું પાત્ર, પદાર્થ કે ઘટનાગત બીજરૂપ તત્વ. આ પર્યાય લોકકથાઓના સામ્યમૂલક અભ્યાસમાં સિદ્ધ થયો છે. કથાઘટકોની શાસ્ત્રીય વિભાવના સ્ટિથ થૉમ્પ્સન નામના લોકવિદ્યાવિદ (folklorist) દ્વારા પૂર્ણ રૂપ પામી અને એણે છ ગ્રન્થોમાં કથાઘટક(story motif)ની વર્ગાનુસારી અનુક્રમયાદી (Index) આપી. એમાં વિષયાનુસારી કથાઘટકોમાં વિશ્વની વિવિધ લોકકથાઓમાં પ્રયોજાયેલાં પાત્ર, પ્રસંગ અને પદાર્થના સંક્ષેપમાં તત્વસાર ચાવીરૂપ વાક્યો દશાંશથી આપ્યાં અને તેમાં જ જે જે લોકકથાઓમાં આવા ઘટકનો ઉપયોગ થયો છે, તેના સંદર્ભ પણ આપ્યા. આથી વિશ્વની કોઈ પણ લોકકથાનો સામ્યમૂલક વૈશ્વિક સ્તરનો અભ્યાસ

કરવો હોય તો તે માટેની પદ્ધતિ, વર્ગીકૃત યાદી અને કથાઓના સંદર્ભો સ્ટિથ થૉમ્પ્સનની મોટિફ ઇન્ડેક્સની પુસ્તકશ્રેણીના છ ભાગમાંથી મળે છે.

એમાં કથાઘટકોને Aથી Z સુધીના અક્ષરોમાં વિષયવાર ગોઠવીને Aમાં પુરાકથાની વ્યક્તિઓ/પાત્રો; Bમાં પુરાકથાનાં ચમત્કારી પ્રાણીઓ, Cમાં નિષેધ (Tabu); Dમાં જાદૂઈ ચમત્કારમૂલક પાત્રો, મંત્રો, ઘટનાઓ; Eમાં પ્રેતાદિ; Fમાં પાતાળાદિલોક; Gમાં રાક્ષસાદિ; Hમાં ઓળખ; Iમાં સચ્ચાઈ માટેનાં પારખાં-કસોટી; Jમાં ચાતુર્ય અને ધૂર્તતા, મૂર્ખતા; Kમાં દગાબાજી; Lમાં ભાગ્ય; Mમાં ભવિષ્યવાણી; Nમાં સાહસ અને તક; Pમાં સામાજિક સંબંધ, શાસન, રીત-રિવાજ; Qમાં પુરસ્કાર અને દંડ; Rમાં કેદ અને મુક્તિ; Sમાં ક્રૂરતા; Tમાં યૌન સંબંધ; Uમાં જીવનનાં વિવિધ રૂપ વિષમતા; Vમાં ધર્મ; Wમાં પાત્રગત વિશેષતા; Xમાં હાસ્ય અને Zમાં પ્રકીર્ણ વિષયના કથાઘટકોની યાદી આપી છે.

લોકકથાના મુખ્ય ત્રણ સ્વરૂપો છે: દંતકથા-ઈતિહાસકથા, પુરાકલ્પનકથા, અને ઘરગથ્થુ કહાણીઓ- પરીકથા કે અદ્દભુતકથા. ઘરગથ્થુ કહાનીઓમાં ઘણા પ્રકારની કથાઓનો સમાવેશ કરી શકાય છે. જેમકે– માણવકથા, પ્રાણીકથા, ચાતુરીકથા, અડવાકથા, વ્રતકથા, બોધકથા, દ્રષ્ટાંતકથા, પરીકથા વગેરે. કેટલાક વિદ્વાન આ ત્રણને સ્થાને પાંચ મુખ્ય સ્વરૂપ બતાવે છે- દંતકથા, મિથકકથા, અદ્દભૂતકથા, પ્રાણીકથા અને બોધકથા-દ્રષ્ટાંતકથા.

લોકકથાના પ્રકાર:

કથાઘટકાશ્રયી નવી અભ્યાસપદ્ધતિના મૂળમાં વૈશ્વિક સ્તરનો ભાષા અને સાહિત્યનો સામ્યમૂલક અભ્યાસ છે. પશ્ચિમના વિદ્વાનોએ ભારતની સંસ્કૃત-પ્રાકૃતાદિ ભાષાઓનો અભ્યાસ કર્યો અને તેમના વિવિધ ગ્રંથોનાં પ્રકાશનો થતાં એમના આધારે એમને ધ્યાનમાં આવ્યું કે

વૈદિક સંસ્કૃત, પહેલવી, ગ્રીક, લૅટિન વગેરે ભાષાઓમાં ઘણું સામ્ય છે. કાળક્રમે ધ્યાનમાં આવ્યું કે આ બધી જ ભાષાઓ કોઈ એક જ ભારતોપીય આર્ય પ્રજાની છે. ભાષાઓના સામ્યમૂલક અભ્યાસથી જ ભારત અને યુરોપની પ્રાચીન અને મધ્યકાલીન કથાઓના સામ્યમૂલક-તુલનાત્મક અભ્યાસનો આરંભ થયો અને યુરોપની લોકકથાઓનાં મૂળ ભારતની પ્રાચીન કથાઓમાં હોવાનું ધ્યાનમાં આવ્યું. આથી પશ્ચિમમાં ભારતીયતાવાદી Indianist અભ્યાસીઓએ વિશેષ પ્રકારનાં સંશોધન-સંપાદનો અને સામ્યમૂલક અભ્યાસો હાથ ધર્યાં. પંચતંત્રની કથા ભારતમાંથી યુરોપમાં કેવી રીતે અને ક્યારે પહોંચી તેના ઇતિહાસ પર સંશોધનો થયાં. સમાન કુળમૂળની જણાતી ભારતીય અને યુરોપીય કથાઓનાં વસ્તુ-કથાનકોનાં સાંગોપાંગ અભ્યાસ માટે, તેમનું પૃથક્કરણ કરવાની તેમના ઘટકોને જુદા પાડવાની, ચાવીરૂપ વાક્યોમાં સંક્ષેપમાં તેમને રજૂ કરવાની જરૂર પડી. ઇંગ્લૅન્ડ, ફ્રાન્સ, જર્મની, ઇટાલી, રશિયા, અમેરિકા – એમ અનેક દેશોમાં કંઠોપકંઠ પ્રચલિત, પરંપરાગત લોકકથાઓને લિપિબદ્ધ કરીને તેમનાં સંપાદનો થવા લાગ્યાં અને આવાં સંપાદનોની સામગ્રીએ જ કથાઓના સામ્યમૂલક અભ્યાસનો સુદૃઢ પાયો નાખ્યો.

ફિનલૅન્ડ જેવા નાનકડા દેશની ફિનિશ યુનિવર્સિટીમાં જુલિયસ ક્રોહ્ન Julius Krohn અને તેમના પુત્ર કાર્લ ક્રોહ્ન Carle Krohn – દ્વારા તથા એન્ટી આર્ને અને સ્ટિથ થૉમ્પ્સન દ્વારા આ પદ્ધતિનો વિકાસ થયો. લોકકથાના કથામાળખાને તારવતાં જ કથામાનક કે કથાબિંબ story-type, કથાચક્ર sotry-cycle અને story-motif : કથાઘટકની પદ્ધતિનો વિકાસ થયો. સ્ટિથ થૉમ્પ્સને આ કાર્યને પૂર્ણ અને સર્વસ્વીકૃત પદ્ધતિએ પહોંચાડ્યું એના પાયામાં બ્લૂમફિલ્ડ જેવા અનેક વિદ્વાનોનું યોગદાન પણ રહ્યું છે. એક ચમત્કૃતિસભર ઘટના એ લોકકથાનો પ્રાણ છે. એ કહેવા સાંભળવા માટેની છે. કથા પ્રધાનતા એનું પ્રથમ લક્ષણ છે અને આગળ કહ્યું તેમ કલ્પિત ઐતિહાસિક હોવા છતાં પરંપરાગત હોવી જરૂરી છે. વળી કંઠોપકંઠે વહેતી હોવાથી એમાં

મૌલિકતા ન હોય એ ભિન્ન-ભિન્ન રીતે કહેવાતી હોઈ અર્થાત્ કહેનારની પોતીકી છટાથી એ અભિવ્યક્તિ થતી હોય તેમજ સમયે સમયે ફેરફારો પણ થાય છે. પરિણામે લોકસાહિત્યના અન્ય સ્વરૂપોની જેમ અહીં પણ પાઠ્યભેદ જોઈ શકાશે. ટૂંકમાં, લોકકથા તો બદલાતી રહે, કહેવાતી રહે, વહેતી રહે...

લોકકથાના અનેક પ્રકારો સૂચવાયા છે. છતાં એ કેવી રીતે ઉદ્ભવતી હશે અને વ્યાપી હશે ? આદિકથાઓનો સ્રોત શું ? આ બધી ચર્ચાનો અંત હજુ આવ્યો નથી છતાં લેંગફેઝર જેવા વિદ્વાન જગતની લોકકથાનું મૂળ ભારત એમ માનવાને પ્રેરાયા છે. એમના મત લોકકથાનું ઉદ્ભમસ્થાન... તંત્ર આખ્યાયિકાનું કુળ, પંચતંત્રનું કુળ, કથાસરિત્સાગરનું કુળ વગેરેમાંની વાર્તાઓ છે. આ વિશે પછીથી ગ્રિમભાઈઓ, બેન્ફી, જુલિયસ કોહ્ન, સ્ટિથ થોમ્પસન, જુંગ વગેરે વિદ્વાનો એના ઉદ્ભવથી લઈ તેનાં ઘટકો અને પ્રકારો વિશે ચર્ચા કરે છે. તેનાં પ્રકારનાં સંદર્ભે ભારતીય વિદ્વાન દિનેશચંદ્ર સેન ભારતીય લોકકથાના ચાર પ્રકારો દર્શાવે છે. (૧) રૂપકથા (૨) હાસ્યકથા (૩) વ્રતકથા (૪) ગીતકથા. અંતે ઝવેરચંદ મેઘાણી પણ લોકકથાના પાંચ પ્રકારો ગણાવે છે. (૧) પરિકથા (૨) રંજનકથા (૩) પશુકથા (૪) સ્થાનિક દંતકથા (૫) સ્થાનાંતર પામતી દંતકથા. એક સ્પષ્ટતા અહીં કરવી જોઈએ કે ઉપરોક્ત બધા પ્રકાર-વિભાગ દર્શાવાય છે એના ધોરણો શું ? જે વાત જ જીભે જીભે ને સમુદાયે સમુદાયે જુદા જુદા રૂપ લેતી હોય એનું સ્વરૂપ હજુ બંધાયું ન હોય એ પરિસ્થિતિમાં મુશ્કેલી જ અનુભવાય. એટલે જે કહેવા સાંભળવા માટેની કાન-જીભનો વિષય છે. જે દરેક કહેનાર અને દરેક સાંભળનારે નવાં નવાં રૂપ ધરતી હોય, ભાવોનું સારી આરોહ-અવરોહ ધરાવતી હોય, જેમાં નાટ્યાત્મકતા –ગાંભીર્ય-તાટસ્થ્ય જેવા તત્ત્વોથી સભર હોય, સરવાણીની જેમ વહેતી હોય-આમ આટલું-આટલું કહેવા છતાં એ સ્વરૂપમાં બદ્ધ થતી નથી.

વિશ્વની દરેક પ્રજા પાસે પોતાની પરંપરાગત કથાઓનો- વાર્તાઓનો ખજાનો પડેલો છે. આ પરંપરાગત પ્રવાહમાંથી ચલણી બનીને જુદા જુદા સમયે અને જુદા જુદા રૂપે પ્રગટ થતી વાર્તાઓને લોકવાર્તા કહેવામાં આવે છે. લોક્વાર્તાનો રચયિતા કોઈ એક વ્યક્તિ નથી હોતી. તેથી જ લોકકથાઓને એની એક આગવી પરંપરા હોય છે. જગતમાં લોકવિદ્યા અંતર્ગત એક વાણીની કલાના આ પ્રકારના **'Folk-tale'** (લોકકથા) નામથી ઓળખવામાં આવે છે.

અહીં એક લોકકથાનું સંક્ષિપ્ત ઉદાહરણ જોઈએ.

ચૂડ વિજોગણ એ એક ગુજરાતી લોકકથા છે. આ કથામાં એક ચુડેલે તેના પ્રેમી માટે દુહા લખેલા છે જે પ્રચલિત છે. ગુજરાતના સૌરાષ્ટ્રમાં આ લોકકથા પ્રચલિત છે.

ઓખા બરડાના અથવા સૌરાષ્ટ્રના કોઈ નગરમાં એક સિંધી કુંવરી નાનપણથી તે નગરના નગરશેઠ અથવા મંત્રીના પુત્ર અમિયલના પ્રેમમાં હોય છે. તે કુંવરીના અન્ય રાજકુમાર સાથે લગ્ન થતાં તે વ્રતનું બહાનું કાઢી નગર બહાર એકાંતમાં વસે છે અને અમિયલ સાથે પ્રેમસંબંધ ચાલુ રાખે છે. એક દિવસ રાજકુમારને જાણ થતાં તે કુંવરીની હત્યા કરી નાખે છે. મૃત્યુ બાદ ચુડેલ બનેલ કુંવરી સાથે અમિયલનો પ્રેમસંબંધ અજાણતા જ ચાલુ રહે છે. પણ અમિયલને હકીકતની જાણ થતાં તે ભાગીને ગિરનાર ચાલ્યો જાય છે. ચુડેલ તેને ત્યાં શોધી કાઢે છે પણ તેને અમિયલે છોડ્યાંની જાણ થતાં તિરસ્કાર વરસાવે છે.

એક મત અનુસાર અમિયલ એ સિંધી કુંવરીનું નામ છે પણ બીજા મત અનુસાર એનું નામ ચૂડ કીધું છે. ચૂડ નામ એ ચુડેલ એટલે કે મૃત્યુ બાદ પ્રેત સ્વરૂપે ફરતો સ્ત્રીના વાસનાદેહના સંદર્ભે હોય શકે એવો મત પણ છે. આ લોકકથા સંબંધિત અંદાજે સો જેટલા દુહા મળે છે જેમાં નામ હોય અથવા ન પણ હોય. આ દુહાઓમાં ચૂડ અને ક્યારેક અમિયલ એવા

નામ જોવા મળે છે. ઉપરાંત 'એડા' એટલે કે 'એવા' જેવા સિંધી શબ્દો પણ મળે છે. મોટા ભાગના દુહામાં છ કડી હોય છે પણ કેટલાકમાં ઓછી કડી મળે છે. વિષય અને રચનાના આધારે સિંધી મુસ્લિમ દુહાગીર તમાચી સુમરા તેના રચનાકાર હોવાની સંભાવના દર્શાવવામાં આવી છે.

દુહાનું ઉદાહરણ:

ચૂડ કે'
સાજણ સેજે દૂબળાં, લોક જાણે ઘર ભૂખ!
સમદર જેવડી સારણ્યું, અને ડુંગર જેવડા દુ:ખ
ડુંગર જેવડા દુ:ખ તે કેને દાખિયે?
રૂદાની વાતું અમે રૂદામાં રાખિયેં.

આ દુહાઓ મુખ્યત્વે પ્રેમવિષયક અને પ્રેમીને સંબોધીને છે. સ્વાગત, વિદાય, સપનું, વિરહ જેવા વિષયો છે. તેમાં કોને પ્રેમ કરવો અને ન કરવો એવી વાતો પણ છે. લોકજીવનમાં જોવા મળતી વસ્તુઓ કૂવાનો કોસ, બિલોરી કાચ, હિંડોળાખાટ, ટંકણખારના નિર્દેશ પણ મળે છે. સમાનતા ધરાવતી વિવિધ કથાઓના કુળની કોઈ એક જૂનામાં જૂની અને મૂળ કે આધારભૂત મનાતી કથાનું માળખું. story-type માટે ગુજરાતીમાં કથામાનક, કથાપ્રકૃતિ એવા પર્યાયો પણ પ્રયોજાયા છે. કથાઘટક જેમ લોકકથાનો લઘુતમ એવો ઘટક છે અને એક ઘટક અનેક કથાઓ ઘડે છે, તેમ કથાબિંબ પણ કોઈ એક કુળની આધારભૂત કથાનું સામ્યમૂલક માળખું (story-structure) હોય છે. એમાં સ્વતન્ત્ર એવી કોઈ એક કથાની મુખ્ય ઘટનાઓને, એના વળાંકને ક્રમશ: દર્શાવવામાં આવે છે. વિશ્વમાં સમાનતા ધરાવતી આવી કથાઓના મુખ્ય માળખાને તેના બિંબ-Typeના ક્રમાંક સાથે story-typeના ક્રમાંક સાથે story-type Index નામના ગ્રન્થમાં આપવામાં આવ્યા છે. આ ગ્રન્થ એન્ટી આર્ને અને સ્ટિથ થૉમ્પ્સનના સંયુક્ત પ્રયાસે

પૂર્ણ થયો હતો. વિશ્વની કોઈ પણ લોકકથાનો સંબંધ કઈ કઈ કથાઓ સાથે છે તે જાણવા માટે તેમજ બે જુદી જુદી જ કથાઓના પૂર્વાર્ધ-ઉત્તરાર્ધ કે પછી બીજા કોઈ અંગો-અંશો જોડીને જૂની પ્રચલિત કથાઓને આધારે જ નવી લાગતી અપ્રચલિત લોકકથા કેવી રીતે અસ્તિત્વમાં આવે છે, તે જાણી શકાય છે.

ભારત, ઈરાન અને યુરોપના દેશોની ભાષાઓના સામ્યમૂલક અભ્યાસમાં નવું પરિમાણ ઉમેરાતાં તે તે તથા અન્ય દેશોની સામ્યમૂલક કથાઓનો અભ્યાસ આરંભાયો ત્યારે સંબંધિત કથાના કથાનકને સંક્ષેપમાં મૂકવાનું જરૂરી બન્યું. આમ કરવાથી કથાઓનાં માળખાં અને એમની યાદી તૈયાર થવા લાગી અને અંતિમ આધારભૂત પરિણામ બર્ન અને ઍન્ટી આર્નેની યાદીઓએ સિદ્ધ કર્યું. કથાઘટક અને કથાબિંબ બંનેનો જન્મ સામ્યમૂલક અભ્યાસથી જ થયો છે અને એમાં ભારતીય વિદ્યાઓના અભ્યાસી એવા વિદેશી વિદ્વાનોનું યોગદાન મહત્વપૂર્ણ છે. આમાં મૅક્સમૂલર, બેન્ફે વગેરેએ પૂરી પાડેલી ભારતીય કથાઓની સંપાદિત-ભાષાંતરિત સામગ્રી મહત્વની બની. બ્લૂમફિલ્ડે કથાનકનાં લઘુએકમો અને માળખાં આપવાની પદ્ધતિ આપી. વિવિધ દેશોની કંઠસ્થ કથાઓનાં પણ સંપાદન થયાં. રૂથ નૉર્ટન, નૉર્મન બ્રાઉન વગેરેએ બ્લૂમફિલ્ડની પદ્ધતિએ કામ આગળ વધાર્યું. ટૅમ્પલ અને સ્ટીલે 'વાઇડ અવેક સ્ટોરીઝ'માં ભારતની લોકકથાઓ આપી, તેમાંની ઘટનાઓ પર નોંધ લખી. ઈ. સ. 1894માં 'ટેઇલ્સ ઑવ્ પંજાબ' પ્રકાશિત થયું તેમાં આવી નોંધ સમાવિષ્ટ થઈ. ટૉની અને પેન્ઝરે 'કથાસરિત્સાગર'નું 'ઑસન ઑવ્ સ્ટોરીઝ' નામે અંગ્રેજીમાં ભાષાન્તર કર્યું. એમાં વાર્તામાં વાર્તા અને એમાં પણ પેટાવાર્તાઓ હતી, તેમના નિશ્ચિત ક્રમાંક આપ્યા અને સામ્યમૂલક કથાનકોની ચર્ચા કરતી નોંધ પણ આપી. આવો સારાંશ અને નિશ્ચિત ક્રમાંકને કારણે કથા-કથા વચ્ચેની સમાનતા દર્શાવવાનું સહેલું થયું અને કથાઘટક, કથાચક્ર અને કથાબિંબ – એ ત્રણેયની અધ્યયન-પદ્ધતિનાં મૂળ બંધાતાં ગયાં. કથાના અંશો માટેના સાંકેતિક ચાવીરૂપ શબ્દો – કૅચ વડર્ઝની યાદી જૉસેફ

જૅકબ્સ (Joseph Jacobs) દ્વારા તૈયાર થઈ. તે ઈ. સ. 1891માં ઇન્ટરનેશનલ ફોકલોર કૉંગ્રેસમાં રજૂ થઈ. એમાં ટાઇપ અને મોટિફ સાથે જ નોંધાયાં, પરંતુ યાદીથી કૅચ વર્ડ્ઝ મોટિફથી ટેઇલ ટાઇપ ભિન્ન છે એ ધ્યાન પર આવ્યું.

અમેરિકન ઇન્ડિયન કથાઓના અભ્યાસ માટે રૉબર્ટ એચ. લોવી (Robert H. Lowie) અને આલ્ફ્રેડ એલ. ક્રોબર(Alfred L. Kroeber)ના સંયુક્ત પ્રયત્ને 'જર્નલ ઑવ્ અમેરિકન ફોકલોર'માં ઈ. સ. 1908માં તૈયાર થઈ; જેને ઈ. સ. 1916માં ફ્રાન્ઝ બોઆસ (Franz Boas) વડે સંમાર્જિત અને સંવર્ધિત કરવામાં આવી. એલ્સી ક્લ્યૂકઝ પાર્સન્સે (Elsie Clews Parsons) ઉમેરણ કર્યું. સિન્ડ્રેલાની કથાનો અભ્યાસ મિસ કૉકસે કર્યો અને એ પ્રકારની બીજી કથાઓ છે તે ધ્યાનમાં આવતાં મોટિફ અને ટાઇપ એકબીજાથી જુદાં છે, એ વિશેષ ભાવે દૃષ્ટિમાં આવ્યું. કોઈ એક મુખ્ય કથામાળખું હોય એમાંથી જ એક જ દેશમાં પણ એક જ 'ટાઇપ'નાં વિવિધ રૂપાન્તરો થાય છે અને એક દેશમાંથી એક કથા બીજા દેશમાં પહોંચે ત્યારે પ્રદેશ ને ભાષા બદલાતાં રૂપાન્તર થાય છે એ ધ્યાનમાં આવ્યું. આમાંથી જ માનક એવા કથામાળખા(Standard tale-structure)ને તારવવાનું શક્ય બન્યું. બર્ન દ્વારા યુરોપની કથાઓના આવા કુલ 70 કથાબિંબો તૈયાર કરવામાં આવ્યાં. પ્રત્યેક કથાબિંબને નિશ્ચિત ક્રમાંક આપી તેના માનક standard કે આધારભૂત એવા કથામાળખાને, પાત્રો અને ઘટનાને અને તેના ક્રમિક વિકાસને આધારે તબક્કાવાર દર્શાવવામાં આવ્યું. આથી એ કથાબિંબની કથાનું કથાનક અન્ય કોઈ કથાના કથાનકના કયા તબક્કાથી કેવી કેટલી રીતે ભિન્ન છે, તે સ્પષ્ટ કરી શકાયું. કથાબિંબના પ્રથમ ક્રમાંકે બર્ને ક્યૂપિડ અને સાઇક દ્વારા માનવકન્યા અને માનવેતર નાયક વચ્ચેના પ્રેમની અને બીજા ક્રમાંકે મેલૂસિનામાં માનવેતર સુંદરી અને માનવ વચ્ચેના પ્રેમની કથાઓનાં માનક કથામાળખાં આપ્યાં છે. આ બીજા પ્રકાર સાથે જ પુરુરવા-ઉર્વશીની વેદકાલીન પ્રાચીનતમ કથાને સંબંધ છે. કઈ કઈ કથાઓ યુરોપમાં અને ભારતમાં વસેલા આર્યોના સમાન વારસાની,

એટલે કે, ભારતોપીય કાળની છે, તે નિશ્ચિત કરવામાં પણ આ કથાબિંબની યાદી ઉપયોગી બને છે.

ભારતની કથાઓનું ઉદાહરણ લઈએ તો 10મીથી 12મી સદીમાં અને પછી વિક્રમનું પાત્ર પ્રસિદ્ધ બન્યું અને ‘પંચદંડ’, ‘વેતાળપચીસી’, ‘સિંહાસનબત્રીસી’ જેવી વિક્રમ કથાચક્રની કથાઓ અસ્તિત્વમાં આવી અને પ્રખ્યાત બની. આ બધી જ કથાઓ મૂળભૂત રીતે વિક્રમ સંબંધિત છે એવું નથી. કોઈ કથાપાત્ર લોકપ્રચલિત બનતાં જ, આગળની કથાઓ, એના કથાનકોના અંશો વિક્રમ સાથે સંકળાતા ગયા. આમ, પ્રચલિત, લુપ્ત થતી કે ભુલાતી જતી કથાઓનું નવીનીકરણ પણ કથાચક્ર દ્વારા સિદ્ધ થાય છે. સમય, પ્રદેશ, ભાષા વગેરેનાં પરિવર્તન સાથે જ જૂની કથાઓનાં પરિવેશ અને પ્રસ્તુતીકરણ બદલાય છે. આમાં કથાચક્ર કથાઓના નવીનીકરણની જેમ સંયોગીકરણ અને સંપાદનમાં પણ સહાયક સૂત્ર બને છે. સાહસશૌર્યની અનેક પૂર્વપ્રચલિત કથાઓ બત્રીસીની કથામાં આવી. વિક્રમના પરદુ:ખભંજક અને સાહસિક પાત્રત્વને કારણે જ અન્ય સ્રોતની કથાઓને આ પાત્ર સાથે સંકળાવાની કે સાંકળવાની અનુકૂળતા થઈ. આ રીતે વિક્રમ અને વેતાળની કથાઓના અનુષંગે છૂટી-છવાઈ પ્રશ્નગર્ભ કથાઓ પણ વેતાળપચીસીમાં આવી. માધવાનળ અને કામકંદલાની પ્રેમકથા તો સ્વતંત્ર છે, પરંતુ વિયોગી નાયક-નાયિકાને અંતે વિક્રમ જ ભેગાં કરી આપે, એટલા ઉમેરણે કે ફેરફારે તે કથા વિક્રમકથાચક્રમાં સમાવેશ પામી શકી છે. વિધાતાની શોધના કથાબિંબનાં અનેક કથાનકો યુરોપમાં ‘એન યંગ મૅન ઇન સર્ચ ઑવ્ ગૉડ’ જેવી યુરોપની અને શીતળા જેવી ગુજરાતની વ્રતકથામાં છે, તે પણ ગુજરાતીમાં શામળના હાથે ‘રૂપાવતી’ જેવી કથામાં વિક્રમ સાથે સંકળાય છે.

સંસ્કૃત-પ્રાકૃત કથાઓમાં સંકલન સૂત્ર નરવાહન અને વસુદેવ હતા તો મધ્યકાળમાં વિક્રમ રાજા બન્યા. આ રીતે પ્રદેશ અને ભાષાક્ષેત્ર પ્રમાણે કોઈ ઐતિહાસિક રાજવી સાથે

દંતકથાઓ સંકળાય છે ત્યારે પણ અન્ય સ્રોતની કથાઓ પાત્ર અને સ્થળનો સંદર્ભ બદલે છે. બાદશાહ-બીરબલ, તેનાલીરામ વગેરેની લોકકથાઓમાં પણ ભરત-રોહતક, અભયકુમાર, શકટાલ વગેરે મંત્રીઓનાં ચાતુર્યનાં કથાનકો સંકળાયાં. ઘટ અને કર્પર કે મૂલરાજ જેવા ધૂર્તની કથાઓ ગુજરાતમાં મધ્યકાળે ખાપરા ચોરની કથા બની. આમ, કથાચક્ર સમાનતા ધરાવતાં કથાનકોનો વર્ગ નથી, પ્રકાર નથી; પરંતુ એક સમાન પાત્ર સાથે સંકળાતી કથાઓનો પ્રકાર છે. કથાના અભ્યાસમાં કથાબિંબ અને કથાઘટકની જેમ કથાચક્ર વર્ગીકરણમાં ક્યાંક ઉપયોગી છે; પરંતુ અન્ય બે જેટલું શાસ્ત્રીય અને સૂક્ષ્મ નથી. કથાને લિખિત રૂપ આપતાં, ભિન્ન ભિન્ન કથાનકોને જોડવામાં કથાચક્ર ઉપયોગી બન્યું ને છૂટુંછવાયું મોતી ખોવાય કે લુપ્ત થાય, પરંતુ માળામાં બંધાતાં કાયમી રૂપે જળવાય એવો લાભ મળ્યો છે. કોઈ એક ખ્યાત પાત્ર કે અન્ય કોઈ ભૂમિકા કથાને આધારે છૂટાંછવાયાં મોતી જેવાં કથાનકો વ્યવસ્થિત સચવાયાં, એ કથાચક્રની ઉપયોગિતા છે.

ગુજરાતી લોકકથાને જીવંત રાખનાર લોકકથાકારોની વાત કરીએ તો ઝવેરચંદ મેઘાણી ની રચનાઓ સૌપ્રથમ આપણાં વિચારોમાં પ્રગટ થાય. ઝવેરચંદ મેઘાણી એટલે નામ કદાચ એક પણ તેની ઓળખ અને રૂપ એટલે- કવિ, વાર્તાકાર, નવલકથાકાર, વિવેચક, સંપાદક અને સૌથી વિશેષ લોકસાહિત્યના ઊંડા અભ્યાસી અને સંશોધક. તેમની ઉત્કૃષ્ટ રચનાઓ જેવીકે - લોકસાહિત્યના સંપાદનનું મેઘાણીનું પહેલું પુસ્તક ‘ડોશીમાની વાતો’ પ્રગટ થયું ૧૯૨૩ માં, પણ સાહિત્ય જગતમાં મેઘાણીને લોકસાહિત્યના સંપાદક-સંશોધક તરીકે માનભર્યું સ્થાન અપાવ્યું તે તો ૧૯૨૩ થી ૧૯૨૭ દરમિયાન પ્રગટ થયેલ ‘સૌરાષ્ટ્રની રસધાર’ ના પાંચ ભાગે. ‘રસધાર’ના પહેલા ભાગની, પહેલી આવૃતિ પ્રગટ થઈ ત્યારે સંપાદક તરીકે મેઘાણીનું નહીં પણ ‘સૌરાષ્ટ્ર સાહિત્ય મંદિર’નું નામ મૂકવામાં આવેલું. પછી “રસધાર’ ની લગભગ સો જેટલી વાર્તાઓમાં સોરઠી જનસમાજ, જનજીવન અને જનબોલીનું પ્રતિબિંબ

જિલાયેલું છે તો 'સોરઠી બહારવટિયા' ના ત્રણ ભાગ (૧૯૨૭,૨૮,૨૯) માં બહારવટિયાઓની જીવનકથા દસ્તાવેજી રૂપે પણ રસભર રીતે રજૂ કરી છે. 'કંકાવટી' ભાગ-૨ (૧૯૨૭-૨૮)માં છેંતાળીસ જેટલી વ્રતકથાઓનું સંપાદન આગલા બે પુસ્તકોને મુકાબલે વધુ શાસ્ત્રીય રીતે કરવામાં આવ્યું છે. 'રંગ છે બારોટ' (૧૯૪૫)માં બાળભોગ્ય વાર્તાઓ સંગ્રહાયી છે, તો 'સોરઠી સંતો' (૧૯૨૮) અને 'પુરાતન જ્યોત' (૧૯૩૮) માં લોક્સંતોની જીવનકથાના સંપાદનો છે. આ ઉપરાંત ગુર્જર પ્રજાની વીરતા અને રસિકતાની ઝલક જોવી હોય તો આચાર્ય શ્રી હેમચંદ્રસૂરીના 'સિદ્ધ હેમ' ગ્રંથમાંથી મળે છે. 'ભરતેશ્વરબાહુધલિ ઘોર' (ઈ. 1169) જૂની ગુજરાતીની પહેલી રચના, નરસિંહ પૂર્વેના જૈનેત્તર કવિઓમાં અસાઈત શ્રીધર વ્યાસ, ભીમ અને અબ્દુર રહેમાન ગણાવી શકાય. અસાઈતે ગાયન-વાદન, નર્તન અને અભિનય એમ ચારેય ભેગાં કરીને ભવાઈના વેશો લખ્યા ને ભજવ્યા. ગુજરાતી સાહિત્યનો ઉદય નરસિંહ મહેતાના પ્રભાતિયાંથી થયો (ઈ.સ. 1410-1480). ભક્તિરસથી ભરપૂર નરસિંહના કવિસર્જનો ગુજરાતી ભાષા જીવશે અને માનવહૃદયમાં જ્યાં સુધી પ્રેમ અને ભક્તિનાં સંવેદનો રહેશે ત્યાં સુધી જીવશે. ત્યારબાદ મીરાં, સત્તરમી-અઢારમી સદીમાં પ્રેમાનંદ અને શામળ તેમનાં ભક્તિ અને શૃંગારરસથી ભરપૂર ભજનો (મીરાં), વેધક છપ્પા (અખો) રસ નીગળતાં આખ્યાનો અને મોહક વાર્તાઓ થકી ચીરસ્મરણીય છે. શામળ પછી થયેલા કવિઓમાં ઉલ્લેખપાત્ર દેવીભક્ત વલ્લભ મેવાડો, પ્રીતમ, રત્નો, બાપુ સાહેબ ગાયકવાડ, ચાબખા મારનાર ભોજો અને ગિરધર આવે.

મધ્યકાલિન સાહિત્યના સિતારા દયારામે આપણને ગરબીઓ આપી અને પ્રેમલક્ષણા ભક્તિનું સ્વરૂપ આપ્યું. મધ્યકાલનો સાહિત્યપ્રવાસ અર્વાચીન યુગમાં પૂરો થાય. જેમાં ધાર્મિક, સામાજિક, રાજકીય, સાહિત્યક અને સાંસ્કૃતિક પાસાંનો સ્પર્શ મળે. દુર્ગારામ, મહીપતરામ, નર્મદ જેવા સમાજ-સુધારાના આગ્રહી તો ગોવર્ધનરામ, મણિલાલ અને આનંદશંકરે સ્વસંસ્કારની શોધ

ચલાવી. ગુજરાતી સાહિત્ય પર અર્વાચીનતાનો ઢોળ ચઢ્યો દલપતરામના હાથે, ત્યારબાદ નવલરામ, ભોળાનાથ સારાભાઈ, મહીપતરામ, કરસનદાસ, ઈચ્છારામ સૂર્યરામ દેસાઈ, જહાંગીર મર્ઝબાન, ગોવર્ધનરામ, મણિલાલ દ્વિવેદી, નરસિંહરાવ દિવેટીયા, રમણભાઈ નીલકંઠ, કવિ કાન્ત, કલાપી, દલપતરામ, કવિ નાનાલાલ, બળવંતરાય ઠાકોર અને લોકનેતા-માનવજાતિના ઉદ્ધારક મહાત્મા ગાંધીજીનો એટલો જ ફાળો છે. ત્યારપછી યાત્રામાં કાકાસાહેબ કાલેલકર, ક.મા. મુનશી, સ્વ.દેસાઈ, ધૂમકેતુ, દ્વિરેફ, ઝવેરચંદ મેઘાણી અને ઉમાશંકરનું આગમન એ સાહિત્યની મહત્વની ઘટના છે. તો સ્નેહરશ્મિ, સુંદરમ, ચં.ચી. મહેતા, પન્નાલાલ, ઈશ્વર પેટલીકર, મડિયા, શીવકુમાર જોશી, પ્રહ્લાદ પારેખ, રાજેન્દ્ર શાહ, નિરંજન ભગત, પ્રિયકાન્ત મણિયાર, નલિન રાવળ, હસમુખ પાઠકની નવલકથા અને કવિતાઓમાં 'નવીનતર' પ્રવાહરૂપ પ્રગટ થાય છે. તો બાલમુકુન્દ દવે, વેણીભાઈ પુરોહિત, ઉશનસ અને જયંત પાઠક તથા હરિન્દ્ર દવે અને સુરેશ દલાકની કવિતાઓએ અતીત અને વર્તમાનનો સમન્વય કર્યો છે. અર્વાચીન સાહિત્યકારોએ પણ ગુજરાતી ભાષાને સમૃદ્ધ કરી છે. ચંદ્રકાન્ત બક્ષી, રઘુવીર ચૌધરી, રાધેશ્યામ શર્મા, મધુરાય, આદિલ મન્સુરી, શ્રીકાન્ત શાહ, માધવ રામાનુજ, ચીનુ મોદી, ગુણવંત શાહ, ભોળાભાઈ પટેલ વગેરે પણ એટલાં જ મહત્વનાં નામો છે.

સમાપન:

લોકકથા વિશે ક્યારેક એવો પ્રશ્ન ઊઠે છે કે અમુક ઘટના સ્થાનિક દંતકથાના આરંભના ટુચકા સ્વરૂપની – anecdote જેવી છે, જે શુદ્ધ લોકકથા ન ગણાય. આવી કથાઓ વિવિધ જાતિપ્રદેશના વિસ્તારે પ્રસરે, પોષણ પામે તે પછી જ તેનું લોકકથા તરીકેનું રૂપ નિબદ્ધ અને પૂર્ણ થાય છે. લોકકથાનો પણ જન્મકાળ અને ઘડતરનો ગાળો હોય છે અને દંતકથાત્મક ટુચકો કે લોકકથાનું રૂપ દીર્ઘ પ્રક્રિયા પછી જ બંધાય છે. વિશ્વના વિવિધ દેશોમાં મળતી અનેક

કથાઓનાં કથાનકનું માળખું સમાન હોય તો તેને મુખ્ય કથાનું નામ દર્શાવીને, કથાનકના મુખ્ય તબક્કા અને વળાંક ક્રમશ: દર્શાવીને તે કથાબિંબને નિશ્ચિત ક્રમાંક આપવામાં આવે છે. કથાબિંબની આવી નિશ્ચિત ક્રમાંકની વ્યવસ્થાને કારણે કઈ કઈ લોકકથાઓને કયા કથાબિંબ સાથે સામ્યસંબંધ છે તે દર્શાવી શકાય છે. એક જ મુખ્ય કથાના કથાનકમાં કેવાં કેટલાં રૂપાન્તર થયાં તેનો સ્પષ્ટ નિર્દેશ આ પદ્ધતિ આપે છે. એમાં વિષયાનુસારી કથાઘટકોમાં વિશ્વની વિવિધ લોકકથાઓમાં પ્રયોજાયેલાં પાત્ર, પ્રસંગ અને પદાર્થના સંક્ષેપમાં તત્વસાર ચાવીરૂપ વાક્યો દશાંશથી આપ્યાં અને તેમાં જ જે જે લોકકથાઓમાં આવા ઘટકનો ઉપયોગ થયો છે, તેના સંદર્ભ પણ આપ્યા. આથી વિશ્વની કોઈ પણ લોકકથાનો સામ્યમૂલક વૈશ્વિક સ્તરનો અભ્યાસ કરવો હોય તો તે માટેની પદ્ધતિ, વર્ગીકૃત યાદી અને કથાઓના સંદર્ભો સ્ટિથ થૉમ્પ્સનની મોટિફ ઇન્ડેક્સની પુસ્તકશ્રેણીના છ ભાગમાંથી મળે છે. કોઈ પણ લોકકથાનો સામ્યમૂલક શાસ્ત્રીય પદ્ધતિનો લોકકથાત્મક અભ્યાસ કરવો હોય તો તે કથાના કથાનકનું પૃથક્કરણ કરી, તેના ઘટકો તારવીને મોટિફ ઇન્ડેક્સને આધારે તે તે ઘટકો ક્યાં ક્યાં, કઈ કઈ કથાઓમાં વિશ્વક્ષેત્રે પ્રયોજાયા છે તે જાણી શકાય છે અને લોકકથાના કથાનકનું ઘડતર કેમ થાય છે. એનાં કયાં ને કેટલાં રૂપાન્તરો થયાં છે અને કથાનું કયા કયા દેશોમાં સંપ્રસારણ થયું છે તે જાણી શકાય છે. લોકકથાના ઐતિહાસિક-ભૌગોલિક તથા કથાબિંબ અને કથાચક્રની પદ્ધતિના અભ્યાસમાં કથાઘટકનો અભ્યાસ પાયાનો અને અનિવાર્ય છે. અત્રે આ લેખમાં લોકકથાની સંજ્ઞા, સ્વરૂપ અને પ્રકારની ટૂંકમાં ચર્ચા કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

સંદર્ભ સૂચિઃ

1. મધ્યકાલિન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, લે. અનંતરાય રાવળ
2. લોકસાહિત્યઃ વિભાવના અને પ્રકાર, ડૉ. હસુ યાજ્ઞિક
3. ગુજરાતી લોકકતા સાહિત્ય, પ્રિયકાન્ત પરીખ
4. લોકસાહિત્યની અશ્વકથાઓ, સંકલનઃ જોરાવરસિંહ જાદવ
5. ઝવેરચંદ મેઘાણી જીવન અને સાહિત્ય, લે. જયંત પાઠક વગેરે
6. મેઘાણીની શ્રેષ્ઠ વાર્તાઓ, સં. યશવંત શુક્લ, ર. ચૌધરી વગેરે
7. લોકસાહિત્યનું સમાલોચન, ઝવેરચંદ મેઘાણી
8. અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા, ધીરુભાઈ ઠાકર
9. મહેતા, વિક્રમ (૨૦૨૩-૦૨-૧૪). "ચૂડવિજોગણ"ની પ્રેમકથા: દિવ્ય ભાસ્કર.